એ રીતે કામ કરો કે તમારા કામના સિદ્ધાંત આખા જગત માટે નિયમ બનાવી દેવામાં આવે
- નારાયણ મૂર્તિ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૬૭ | ૧૦ ડિસેમ્બર, ૨૦૧૪, બુધવાર ; માગશર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# હવે, જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો બનશે

## વસ્તી ગણતરી પ્રમાણે બેઠકો નિયત કરવાની કામગીરી વિકાસ કમિશનર કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની હાલની બેઠકમાં ૩ ના વધારા સાથે ૩૦ બેઠકો ધરાવતી પંચાયતની રચના કરવામાં આવશે. હાલ જિલ્લા પંચાયતની બેઠકો ૨૭ છે.

જિલ્લાની વસ્તી ગણતરીના આધારે નવા સીમાંકન માટેની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે અને બેઠકોની સંખ્યા નિયત કરતુ વિકાસ કમિશનરશ્રી દ્વારા જાહેરનામુ એકાદ બે દિવસમાં આખરી કરી ચૂંટણી પંચને મોકલી આપવામાં આવશે.

૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭,૯૧,૧૨૬ ની સંખ્યા છે. જિલ્લામાં ૩૦૨ ગ્રામ પંચાયતોના વોર્ડ-સીમાંકનની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. હવે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોના સીમાંકન માટેની કામગીરી તેના અંતિમ તબક્કામાં છે. છેલ્લા દસકામાં જિલ્લાનો વસ્તી વૃદ્ધિનો દર ૪.૩ ટકા નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના કલોલ, માણસા અને દહેગામની બેઠકોમાં એક-એક બેઠકનો વધારો થશે.

જિલ્લા પંચાયતમાં ૫૦ ટકા મહિલા અનામતનો અમલ કરવાનો થશે એટલે ૧૫ બેઠકો મહિલાઓની

● અનુસંધાન પાન-૭ પર

### જિલ્લાના ૫૭ ગામમાં વસ્તી પાંચ હજારથી વધુ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના ૫૭ ગામ એવા છે જે પાંચ હજારથી ૧૮ હજારની વસ્તી ધરાવે છે. આ ગામોમાં ગાંધીનગર તાલુકાના ૨૦ ગામ, દહેગામના ૮ ગામ, માણસાના ૧૩ ગામ તેમજ કલોલના ૧૬ ગામ છે.

કલોલ તાલુકાના બોરીસણા ગામમાં ૧૭,૯૯૮ની વસ્તી નોંધાયેલી છે. જે સૌથી મોટુ ગામ છે. કોલવડા ગામની વસ્તી ૧૭,૮૪૬ નોંધાયેલી છે. પણ કોલવડાની આસપાસના વિસ્તારનો સમાવેશ તેમાં સમાવેશ કરાયો છે. જિલ્લાના દસ ગામ એવા છે જ્યાં ૧૦ હજાર કરતાં વધુ વસ્તી નોંધાયેલી છે.

તાલુકાવાર વસ્તી જોઈએ ગ્રામ્ય વિસ્તારની ગાંધીનગરમાં ૨,૦૦,૪૨૬, દહેગામમાં ૨,૨૫,૯૩૦, માણસામાં ૧,૭૬,૨૨૦ અને કલોલમાં ૧,૮૮,૫૫૦ની વસ્તી નોંધાઈ છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

વડ અને વડવાઈ - ભારતના સાંસ્કૃતિ ઈતિહાસમાં વડને પવિત્ર વૃક્ષ ગણાયું છે... હજારો વર્ષોથી વડની પૂજા હિન્દુ શાસ્ત્રમાં કરાય છે... વ્રતો અને પ્રસંગોએ વડને વડીલની ગણના કરી આદરપૂર્વક સન્માન કરાય છે... આપણી ગ્રામ્ય સંસ્કૃતિમાં ગામના પ્રવેશદ્વારે વડ હોય છે... વડ એ ગામની એક આગવી ઓળખ હોય છે... પેઢીઓની પેઢીઓ સુધી વડ સાક્ષી બનીને અડીખમ હૂંફ આપતા હોય એમ ગામની ભાગોળે શોભાયમાન થાય છે... અને એટલે જ ગામના વડીલ તરીકે વડની પૂજા કરાય છે... આપણા વડસાવિત્રી વ્રત હોય કે, કુંવારીકાઓનું ગૌરીવ્રત હોય વડની નીચે કે વડની પાસે પૂજા કરવાનું મહાત્મ્ય અનોખુ ગણાવાયું છે. પવિત્ર વૃક્ષ તરીકે આધ્યાત્મિક ગણાતો વડ, વૈજ્ઞાનિક રીતે એટલી જ સકારાત્મક માન્યતા ધરાવે છે... વિકાસના નામે આધુનિકરણના પગલે અનેક વડ ધરાશયી થયા અને નવા રોપવામાં નોંધપાત્ર લક્ષ્ય સુધી પહોંચી શક્યા નથી... વડની ઉણપ આપણને ખૂંચે એવી હોય છે... ઘેઘુર વડલો એ ગ્રામ્ય સંસ્કૃતિનું પ્રતિક છે... આવો આપણે આપણી સંસ્કૃતિના રક્ષણ માટે ગામે-ગામ વડને ઉછેરીએ....

# ગાંધીનગર મહાનગરપાલિકામાં વાસણા-હડમતીયા અને સરગાસણ સમાવાશે

## ગ્રામ્ય વિસ્તારમાં કોંગ્રેસની મજબુત પક્કડને લઈ ગાંધીનગર મનપા માટે કોઈ નવુ જોખમ લેવાના મુડમાં નથી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગરપાલિકાની નવી હદ નિયત કરવા અંગેની કવાયત તેજ બની છે. આ માટે રચાયેલ ઉચ્ચકક્ષાની સમિતિએ માત્ર વાસણા-હડમતિયા અને સરગાસણનો જ ગાંધીનગર મનપામાં સમાવેશ કરવા માટેની ભલામણ કરી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મનપા માટે સામાન્ય ચૂંટણીઓ ૨૦૧૬ના આરંભે યોજાવાની છે. આ પહેલાં પંચાયતોની બેઠકોના સીમાંકનને આખરી કરવાની બાબત હોવાથી આ ભલામણ હાલ સીમીત રાખવામાં આવી છે.

એવુ જાણવા મળેલ છે કે કુડાસણની કેટલીક ટી.પી. સ્કીમોમાં વિકાસ જરૂર થયો છે પરંતુ હજુ ત્યાં પુરતી સુવિધાઓ ઉપલબ્ધ બની નથી.

ગાંધીનગર શહેરમાં મહાનગરપાલિકાનું માળખુ હાલ સિમીત સેવાઓ સાથે કાર્યરત છે અને સુવિધાઓ પાછળ જો તેની ક્ષમતાનો વ્યય થાય તો તે આર્થિક રીતે પોસાય તેવી શક્ષમ નથી.

સરગાસણ અને વાસણા હડમતિયા વિસ્તારો ઘણા બધા વિકસીત થઈ ચુક્યા છે. તેમજ સુવિધાઓ પણ સારી એવી ઉપલબ્ધ બની ચુકી છે. બીજુ સરકાર ગાંધીનગર-સરખેજ હાઈવેને નોલેજ

● અનુસંધાન પાન-૭ પર

# મહુન્દ્રા પાસે અકસ્માતમાં ત્રણ યુવાનોના મોત

## રાજસ્થાનથી અમદાવાદ ફરતા મિત્રોની કાર આગળ જતા ભારે વાહન પાછળ ધડાકાભેર ગુસી ગઈ : બે ગંભીર



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા. ૯

નેશનલ હાઈવે નં. ૮ પર છેલ્લા ચાર દિવસમાં બે જીવલેણ માર્ગ અકસ્માતો બનવા પામ્યા છે. જેમાં છ વ્યક્તિઓએ અણમોલ જીંદગી ગુમાવી દીધી છે. ચાર દિવસ પહેલા મુંબઈના વેપારીઓને ઓવરટેક કરવા જતી ટ્રકે અડફેટે લઈ લેતા ત્રણના મૃત્યુ નિપજ્યા હતા. હજુ આ ઘટનાનો શોક વિસરાયો નથી ત્યાં વધુ એક અકસ્માત આ જ હાઈવે પર મહુન્દ્રા પાસે સર્જાયો છે. રાજસ્થાનથી આવતી કાર આગળ જતાં અજાણ્યા ભારે વાહન પાછળ ઘુસી જતાં ત્રણ યુવાન મિત્રોને કાળ ભરખી જતાં ગમગીની છવાઈ ગઈ છે. ચિલોડા પોલીસે ઘટના અંગે ગુનો નોંધીને ઊંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના પાંચ યુવાન મિત્રો રાજસ્થાન ડુંગરપુર ફરવા ગયા હતા અને અલ્ટો કે-૧૦ કાર નં. જીજે-૧૮-બી.એ. ૮૨૯૩ લઈને મોડી રાત્રે પરત અમદાવાદ ફરી રહ્યા હતા. તેમની કાર હિંમતનગર-ચિલોડા હાઈવે પર પહોંચી ત્યારે મહુન્દ્રા ગામની સીમમાં હાઈવે પર કારને ગમખ્વાર અકસ્માત

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં શિયાળો જામ્યો

## લઘુતમ તાપમાન ૧૧.૨ ડિગ્રી સુધી નીચે ઉતર્યુ : શહેર ઠંડીમાં ઠુઠવાયું

ગાંધીનગર, તા. ૯

સૌ પ્રથમ વખત શિયાળાએ પોતાનો અસલી મીજાજ બતાવ્યો છે. ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડિ.સે. જેટલુ પહોંચતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. ગાંધીનગર સહિત ગુજરાતના તમામ શહેરોમાં લઘુત્તમ તાપમાન ઘટ્યું હતું. પાટનગરમાં લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડિ.સે. જેટલું નોંધાયું હતું. જે સિઝનનું સૌથી ઓછુ તાપમાન છે.

હવામાન વિભાગના સૂત્રોમાંતી પ્રાપ્ત થતી વિગતો અનુસાર આકાશમાંથી વાદળો દૂર થતા ઠંડીમાં વધારો થયો છે. આગામી દિવસોમાં ઠંડી વધુ ઘટવાની અપેક્ષા છે. આગાહી પ્રમાણે આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાન ત્રણ થી ચાર ડિગ્રી નીચુ જઈ શકે છે. વેસ્ટર્ન

● અનુસંધાન પાન-૭ પર

# કલોલ-માણસા માર્ગ ૭ મીટર પહોળો કરાશે

## જિલ્લામાં માર્ગ સુધારણાના ૨૦ કામો હાથ ધરાશે : ૫૩ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના રોડનેટવર્કની સુધારણા પાછળ રૂ. ૫૩ કરોડનો ખર્ચ થશે. જિલ્લાના વિવિધ ૨૦ રસ્તાઓના રીસરફેસીંગનું કામ હાથ ધરાશે. જેમાં કલોલ-માણસાના ધોરીમાર્ગને પહોળો કરવા રૂ. ૨૦ કરોડ ખર્ચાશે. ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી માર્ગ-સુધારણાનું કામ શરૂ કરી દેવાશે.

શહેર ઉપરાંત જિલ્લાના વિવિધ માર્ગોની સુધારણા માટે પણ વિભાગ દ્વારા અંદાજિત રૂ. ૫૩ કરોડના કામોને મંજૂરી આપવામાં આવી છે. જ્યારે આ કામો અન્વયે કલોલ-માણસા રાજ્ય ધોરીમાર્ગને ૩ લેનમાં ફેરવવા પણ નિર્ણય લેવાયો છે. કલોલ-માણસા માર્ગ પર ટ્રાફીકનું ભારણ વધી રહ્યું છે, જ્યારે હાલ આ રસ્તો ૫.૫૦ મીટર પહોળો છે. જેને ૭ મીટર પહોળો કરવાનું કામ હાથ ધરાશે. આ કાર્યયોજના અન્વયે રૂ. ૨૦ કરોડનો ખર્ચ થશે. આ ઉપરાંત ખાસ મરામતના અન્ય કામોને પણ મંજૂરી આપવામાં આવી છે. જેમાં ડભોડા-વડોદરા, નરોડા-દહેગામ, બાલવા ગામનો એપ્રોચ રસ્તો, કલોલ-માણસા, વિજાપુર, ઉવારસદ મોટી આદરજ-સરઢવ, નારદીપુર રોડ વડસર ભોંયણ તેમજ અડાલજ બાયપાસ રોડના કામને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત દેલવાડ, ફતેપુરા, પલીયડ સોજા અને અનોડીયા એપ્રોચ માર્ગનું કામ પણ હાથ ધરાશે.

આ રસ્તાઓનું રીસરફેસીંગ કામ છેલ્લા ૭ વર્ષના અંતે હાથ ધરાશે. આ કામગીરી પાછળ ૨૭ કરોડનો ખર્ચ થશે. વધુમાં દેવકરણના મુવાડા-વાસણા સોગઠીરોડ દોડનાની માસીંગ, ખાનપુર સામેત્રી, પેથાપુર-મુબારકપુર, વડાવી-વાજીપુર મોખાસણ એપ્રોચ સહીતના રસ્તાઓનું ખાસ મરામત હેઠળ રીસરફેસીંગ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ રૂ. ૭.૧૦ કરોડનો ખર્ચ થશે.

આમ જિલ્લાને જોડતા વિવિધ રસ્તાઓને ટનાટન બનાવવા રૂ. ૫૩ કરોડનો ખર્ચ થશે. આ કામો અન્વયે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. હાલ વાઈબ્રન્ટને અનુલક્ષી શહેરના બાકી રહેતા રસ્તાઓનું પણ નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું છે. જ્યારે આગામી સમયમાં તાલુકા કક્ષાએ પણ રોડનેટવર્ક સુધારણાના કામો હાથ ધરાશે.


GANDHINAGAR ELECTRONICS ZONE INDUSTRIES ASSOCIATION

ISO 9001 BUREAU VERITAS Certification | Gezia ISO 9001:2008 - Organization

B-23/2/1&2, GIDC, Electronics Estate, Sector-25,
GANDHINAGAR-382024 GUJARAT, INDIA. PH : (079) 23287130, 23287230
Email : geziaonline@gmail.com, Website : geziaonline.org
Regd. under section "25" of Companies Act, 1956 (No-1-1956) Dt. 28-1-2008.
Corporate identity No. U91100GJ2008NPL052751

LIMITED TIME PERIOD
TENDER - NOTICE

ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ઈન કોર્પોરેટ અન્ડર સેક્શન-૨૫ ઓફ ધ કમ્પનીઝ એક્ટ ૧૯૫૬, ઈલે. એસ્ટેટ દ્વારા ક-૬ સર્કલને ગેઝીયાએ નિયત કરેલ ડીઝાઈન તથા સમયમર્યાદામાં તૈયાર કરી આપવા માટે રસ ધરાવનાર એજન્સી પાસેથી સીલબંધ ઓફર ભાવપત્રકો નીચેના સરનામેથી મેળવી લેવા તથા મોકલી આપવા જણાવે છે.

**ટેન્ડર ડોક્યુમેન્ટ ફી :**
રૂ. ૧,૦૦૦/- (નોન-રીફંડેબલ)

**ટેન્ડર મેળવવાનો તથા પરત કરવાની તારીખ :**
૧૧-૧૨-૨૦૧૪ થી ૧૪-૧૨-૨૦૧૪

**ટેન્ડર મેળવવાનો તથા પરત કરવાનો સમય :**
સવારે ૯-૦૦ થી ૫-૦૦ સુધી

**ટેન્ડર ખોલવાનો સમય :**
૧૪-૧૨-૨૦૧૪, સાંજના ૬-૦૦ વાગ્યા.

To,
The Sectretary
**GANDHINAGAR ELECTRONICS ZONE INDUSTRIES ASSOCIATION**
Plot No. B-23/2/1&2, GIDC,
Nr. SBI Bank, Sector-25, Electronics Estate,
GANDHINAGAR-382024. PH : 23287130



Arihant International Garments
LADIES & GENTS
Grand Opening Today
BIG BRAND
SALE UPTO 70% OFF
Reid & Taylor | POLO SPORTS | PETER ENGLAND | Reebok | FILA | DENIZEN | lotto | PUMA
Jeans, T-Shirts, Shirts 3/4th, Formal Trousers, Track Suits, Suits & Blazers & All Branded Shoes Available
વિશ્વકર્મા સમાજ હૉલ, સેક્ટર-૧૨, ગાંધીનગર



એજ્યુ-સ્ટાર ઈન્સ્ટીટ્યુટ
અમદાવાદમાં સફળતા બાદ હવે ગાંધીનગરમાં...
BANK+SSC ની નવી બેચ ગુરુવારથી શરૂ.
ફ્રી ડેમો લેક્ચર - ગુરૂ, શુક, શનિ સવારે 8 થી 10 | ફોનથી રજીસ્ટ્રેશન જરૂરી.
Maths and Reasoning - By Shailesh Patel
સંસ્થાના બેંક અને એસ.એસ.સી.માં 400 થી વધુ સફળ ઉમેદવાર
G-1, સુરભી કોમ્પલેક્ષ, ઘ-5 સર્કલ, સેક્ટર-22, ગાંધીનગર. | H.O- B-104, ગણેશ પ્લાઝા, નવરંગપુરા બસ સ્ટેન્ડની સામે, નવરંગપુરા, અમદાવાદ.
M.: 97256 95635, Ph.: 079-6605 2489